પેજ 3

આમિર ખાને ગૌરી સ્પ્રેટ સાથે અંગત સમારોહમાં લગ્ન કર્યાં

મુંબઈ, તા. 5 (પીટીઆઈ) અભિનેતા આમિર ખાને રવિવારે અહીં તેમના નિવાસસ્થાને યોજાયેલા એક અંગત સમારોહમાં તેમની લાંબા સમયની પાર્ટનર ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કર્યાં હતાં, જેમાં પરિવારના નજીકના સભ્યો અને ફિલ્મ ઉદ્યોગના મિત્રો હાજર રહ્યા હતા. શહેરમાં ભારે વરસાદ હોવા છતાં લગ્નની તૈયારીઓ યોજના મુજબ ચાલુ રહી હતી અને ફિલ્મ ઉદ્યોગના નજીકના મિત્રો અને અન્ય લોકોએ લગ્નમાં હાજરી નોંધાવી હતી. અભિનેતાની ટીમ દ્વારા શેર કરવામાં આવેલી તસવીર આમિર પરિવારથી ઘેરાયેલા રહીને સ્પ્રેટ સાથે લગ્નના દસ્તાવેજ પર સહી કરતા જોવા મળે છે. સ્પ્રેટનો પુત્ર આ દંપતીની વચ્ચે બેઠો છે, જ્યારે આઝાદ અભિનેતાની બાજુમાં બેઠો છે.

મુકેશ અંબાણી મિત્ર આમિર ખાનને લગ્નની શુભેચ્છા આપવા પહોંચ્યા

મુંબઈ, તા. 5 : એક્ટર આમિર ખાન અને તેમની પાર્ટનર ગૌરી સ્પ્રેટના લગ્નમાં સ્પેશિયલ ગેસ્ટ મુકેશ અંબાણી પણ હતા, જેઓ પોતાની ગાડીઓનો કાફલો લઈને મિત્ર આમિરનાં લગ્નમાં પહોંચ્યા હતા. લગ્નને 'સ્પેશિયલ મેરેજ એક્ટ' હેઠળ કોર્ટ મેરેજ તરીકે રજિસ્ટર કરવામાં આવ્યા હતા. સમારોહ બાદ મહેમાનો માટે લંચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં રાજ ઠાકરે, ફિલ્મમેકર આશુતોષ ગોવારીકર, આમિરના બાળકો જુનૈદ, ઈરા અને આઝાદ અને ગૌરીનો પુત્ર સાથે નજીકના મિત્રો અને પરિવારના સભ્યો સહિત અંદાજે 150 આમંત્રિતો સામેલ થયા હતા.

છત્તીસગઢી પાંડવાનીના દિગ્ગજ કલાકાર તીજન બાઈનું નિધન

રાયપુર, તા. ૫ (પીટીઆઈ) છત્તીસગઢની પરંપરાગત વાર્તા કહેવાની કળાને પોતાના દમદાર અવાજ અને અભિવ્યક્ત શૈલી દ્વારા વિશ્વભરના શ્રોતાઓ સુધી પહોંચાડનારા પાંડવાની લોકગાયિકા તીજન બાઈનું લાંબી માંદગી બાદ રવિવારે રાયપુરની એઇમ્સ હોસ્પિટલમાં અવસાન થયું છે. એમ તબીબોએ જણાવ્યું હતું. તેઓ ૭૦ વર્ષના હતા. ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ), રાયપુરના એક ડોક્ટરે જણાવ્યું હતું કે, તીજન બાઈએ સવારે ૩.૧૫ વાગ્યે હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા, જ્યાં ૨૭ મેથી તેમની સારવાર ચાલી રહી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તીજન બાઈના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને તેમની પ્રસ્તુતિઓ દ્વારા છત્તીસગઢની લોકકળાને વૈશ્વિક સ્તરે એક અલગ ઓળખ અપાવવાનો શ્રેય તેમને આપ્યો હતો.

નાગાલેન્ડમાં પ્રથમ 3ડી પ્રિન્ટેડ દાંતનાં ચોકઠાં બનાવાયા

આનાથી માનવીય ભૂલનું જોખમ ઘટશે, દર્દીઓને કૃત્રિમ દાંત ઝડપથી આપી શકાશે : નિષ્ણાતો

કોહિમા, તા. 5 (પીટીઆઈ) રાજ્યના પ્રથમ 3ડી પ્રિન્ટેડ મોનોલિથિક કમ્પ્લીટ ડેન્ચર્સ (આખાં ચોકઠાં)ના નિર્માણ સાથે નાગાલેન્ડે દંત ચિકિત્સા ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આનાથી માનવીય ભૂલનું જોખમ ઘટશે, દર્દીઓની મુલાકાતો ઓછી થશે અને કૃત્રિમ દાંત ઝડપથી આપી શકાશે.

શનિવારે નાગા હોસ્પિટલ ઓથોરિટી કોહિમા (એનએચએકે) ખાતે 'પોલીજેટ 3ડી પ્રિન્ટરનો ઉપયોગ કરીને મોનોલિથિક કમ્પ્લીટ ડેન્ચરનું નિર્માણ' વિષય પરના વર્કશોપ દરમિયાન આ સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. આ તાલીમ કાર્યક્રમમાં આશરે 30 ડેન્ટલ પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો.

નાગાલેન્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચના સિનિયર રેસિડેન્ટ ડૉ. થુંગબેની પી. ન્ગુલી દ્વારા પાંચ દર્દીઓ પર આ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી. ડૉ. ન્ગુલીએ સંપૂર્ણ ડિજિટલ વર્કફ્લોનું પ્રદર્શન કર્યું હતું અને નાગાલેન્ડમાં પ્રથમ પાંચ 3ડી પ્રિન્ટેડ મોનોલિથિક ચોકઠાં વિતરિત કર્યાં હતાં.

આ ટેક્નોલોજી વિશે સમજાવતાં ડૉ. ન્ગુલીએ જણાવ્યું હતું કે, મોનોલિથિક કમ્પ્લીટ ડેન્ચર એ એક આખું ચોકઠું છે જે વિવિધ ભાગોને જોડીને બનાવવાને બદલે એક સિંગલ યુનિટ તરીકે પ્રિન્ટ કરવામાં આવે છે.

આ વર્કશોપમાં પરંપરાગત માપ લેવા અને સ્કેનિંગથી લઈને કોમ્પ્યુટર-એઈડેડ ડિઝાઈન અને પોલીજેટ 3ડી પ્રિન્ટરનો ઉપયોગ કરીને અંતિમ નિર્માણ સુધીની સંપૂર્ણ ડિજિટલ પ્રક્રિયા દર્શાવવામાં આવી હતી.

બદ્રીનાથ દાન ચોરી તપાસ માટે ચાર સભ્યોની પેનલ રચાઈ

દહેરાદૂન, તા. 5 (PTI) બદ્રીનાથ ધામમાં શ્રદ્ધાળુઓની ભેટ અને દાનના વ્યવસ્થાપનમાં કથિત ઉચાપતને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી) એ આ આરોપોની તપાસ કરવા માટે ચાર સભ્યોની પેનલની રચના કરી છે. સમિતિએ જણાવ્યું હતું કે, તેણે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આરોપોની નોંધ લીધી છે. બીકેટીસીના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) સોહન સિંહ રંગડાએ રવિવારે જણાવ્યું હતું કે, અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે તપાસ પેનલની રચના કરી છે અને તેને સાત દિવસની અંદર પોતાનો અહેવાલ સુપરત કરતાં પહેલાં તમામ ઉપલબ્ધ પુરાવાઓની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. રંગડાએ જણાવ્યું હતું કે, સમિતિ સીસીટીવી ફૂટેજ, સંબંધિત વ્યક્તિઓનાં નિવેદનો અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓના આધારે વિગતવાર તપાસ કરશે. અયોધ્યામાં રામ મંદિરની ભેટોના વ્યવસ્થાપનમાં ગેરરીતિના આરોપો બાદ તુરંત જ આ મુદ્દો સામે આવતાં ઉત્તરાખંડમાં રાજકીય વિવાદ છેડાયો છે.

સ્વાતંત્ર્ય દિનના પ્રવચનમાં દેશપ્રેમને કટ્ટર રાષ્ટ્રવાદનો રંગ આપવા ટ્રમ્પનો પ્રયાસ

વાવાઝોડાને કારણે નેશનલ મોલ ખાલી કરાવવું પડ્યું તેથી પ્રમુખના ભાષણમાં વિલંબ થયો

ટ્રમ્પે આઝાદી દિનના પ્રવચનમાં પોતાના 'સેવ અમેરિકા એક્ટ'નો પ્રચાર કર્યો

વોશિંગ્ટન, તા. 5(એપી): રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે અમેરિકન સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની ઉજવણી કરતી વખતે રાજકારણને દેશભક્તિની અપીલો સાથે જોડી દીધું હતું, જે ક્ષણને તેમણે સર્વકાલીન સૌથી આનંદદાયક અને ગૌરવપૂર્ણ સીમાચિહ્નોમાંની એક તરીકે જાહેર કરી હતી. નેશનલ મોલ ખાલી કરાવવાની ફરજ પાડનાર વાવાઝોડાના આશરે બે કલાક પછી વોશિંગ્ટનમાં બોલતા, ટ્રમ્પે બીજા વિશ્વયુદ્ધના કેટલાક નિવૃત્ત સૈનિકો અને વિયેતનામમાં કોમ્બેટ યુદ્ધમાં સ્પેશિયલ ફોર્સની ટીમનું નેતૃત્વ કરનાર પ્રથમ અશ્વેત અધિકારીઓમાંના એક સહિતના વેટરન્સનું સન્માન કર્યું હતું. તેઓ એવા ધ્વજોની સામે ઉપસ્થિત થયા હતા જે અમેરિકન ઇતિહાસની કેટલીક સૌથી મહત્વપૂર્ણ અને પડકારજનક ક્ષણોનું પ્રતીક છે, જેમાં અબ્રાહમ લિંકનના શબપેટી પર ઓઢાડવામાં આવેલા ધ્વજથી લઈને રાઈટ બ્રધર્સ દ્વારા ચલાવવામાં આવેલા પ્લેન પર લહેરાવવામાં આવેલા ધ્વજ સુધીના ધ્વજો સામેલ હતા.

અમે ધારીએ તો એકી ઝાટકે ઈરાનના બાકી નેતૃત્વને ખતમ કરી શકીએ: ટ્રમ્પ

અંતિમ વિધિમાં લોકોને રડતા જોઇને ટ્રમ્પે તેને નકલી આંસુ ગણાવ્યા

ઇરાનનો સખત જવાબ: તમારી પાસે ન તો સંસ્કૃતિ છે, ન ઈતિહાસ કે ન તો સન્માન છે

વૉશિંગ્ટન, તહેરાન, તા. ૫: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે જો વોશિંગ્ટન ઈચ્છે તો માત્ર એક જ ઝટકામાં ઈરાનના બાકી બચેલા નેતૃત્વને ખતમ કરી શકે છે. ખામેનેઈની અંત્યેષ્ટિની વિધિમાં એકત્રિત ઈરાનના વરિષ્ઠ નેતાઓના સંદર્ભમાં ટ્રમ્પે આમ કહ્યું હતું.

જો કે, તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા આવું પગલું ભરવા તૈયાર નથી કારણ કે તે ઈરાન સાથેની વાટાઘાટો ચાલુ રાખવા ઈચ્છે છે. એક્સિઓસ દ્વારા ટ્રમ્પના હવાલાથી કહેવામાં આવ્યું કે, તેઓ બધા ત્યાં હાજર છે. એક જ ઝટકો [અને આપણે તે બધાને ખતમ કરી શકીએ છીએ, પરંતુ આપણે એવું કરવાના નથી કારણ કે જો એમ કરીશું તો આપણી પાસે વાટાઘાટો કરવા માટે કોઈ બચશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે અંતિમ સંસ્કારમાં કેટલાક ઈરાનીઓને રડતા જોઈને તેમને આશ્ચર્ય થયું હતું, કારણ કે તેઓ એવું માનતા હતા કે લોકો અલી ખામેનેઈને નફરત કરે છે.

વોટ્સએપને યુઝરનેમ સંબંધે જવાબ આપવાની તારીખ લંબાવાઈ

નવી દિલ્હી, તા. 5 ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે વોટ્સએપ યુઝરનેમના મુદ્દે મેટાને તેનો જવાબ રજૂ કરવા માટેની અંતિમ તારીખ વધુ ત્રણ દિવસ લંબાવી દીધી છે. એક સરકારી અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે, નવી અંતિમ તારીખ હવે 9 જુલાઈ છે. આ અઠવાડિયાની શરૂઆતમાં મંત્રાલયના અધિકારીઓએ મેસેજિંગ પ્લેટફોર્મ પર યુઝરનેમ ફીચર અંગે જવાબ આપવા માટે વોટ્સએપને 6 જુલાઈ સુધીનો સમય આપ્યો હતો. આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, સરકારે આ ફીચર અંગે વિગતવાર સ્પષ્ટતા માંગ્યા બાદ મેટાને આ નોટિસ પાઠવવામાં આવી હતી. વોટ્સએપ દ્વારા એક એવું યુઝરનેમ ફીચર રજૂ કરવામાં આવ્યું છે જે યુઝર્સને પોતાનો ફોન નંબર શેર કર્યા વિના પણ પ્લેટફોર્મ પર મેસેજ કરવાની મંજૂરી આપશે.

પંજાબમાં પત્નીને મનાવવા ગયેલા યુવકને સાળાએ જીવતો સળગાવ્યો

પતિને બચાવવા દોડેલી અન્ય મહિલાનું પણ દાઝી જવાથી મોત : સમગ્ર ઘટના કેમેરામાં કેદ

પંજાબઃ તા. 5ઃ પોતાની રિસાયેલી પત્નીને ઘરે પાછી લાવવા માટે મનાવવા ગયેલા એક વ્યક્તિને તેના સાળાએ કથિત રીતે આગ ચાંપી દીધી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું છે. આ ઘટના પંજાબના તરણ તારણ જિલ્લાની છે. તેને બચાવવા માટે દોડેલી એક મહિલા પણ ગંભીર રીતે દાઝી ગઈ હતી અને સારવાર દરમિયાન મહિલાનું પણ મોત નીપજ્યું હતું. મૃતકોની ઓળખ લવપ્રીત સિંહ અને ગુરજીત કૌર તરીકે થઈ છે.

અહેવાલ મુજબ લવપ્રીત સિંહ પર તેના સાળા સાજન સિંહે કથિત રીતે જ્વલનશીલ પદાર્થ છાંટીને તેને આગ ચાંપી દીધી હતી. સાજન સિંહની ભાભી ગુરજીત કૌર લવપ્રીતને બચાવવા માટે દોડી હતી, પરંતુ આ ઘટનામાં તે પણ ગંભીર રીતે દાઝી ગઈ હતી. સારવાર દરમિયાન બંને ઈજાગ્રસ્તોનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ હવે ઓનલાઈન સામે આવ્યા છે.

અમેરિકા-ઈરાન મંત્રણાનો આગામી રાઉન્ડ ઈસ્લામાબાદમાં યોજાવાની શક્યતા

ઈસ્લામાબાદ, તા. ૫ (પીટીઆઈ): અમેરિકા અને ઈરાન વચ્ચે ટેક્નિકલ સ્તરની વાટાઘાટોના આગામી રાઉન્ડ માટે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ મુખ્ય સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. એમ રવિવારે એક મીડિયા અહેવાલમાં જણાવાયું છે. પશ્ચિમ એશિયામાં શાંતિ પુનઃસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે અમેરિકા અને ઈરાને ૧૮ જૂને એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

કરાચી શોપિંગ પ્લાઝા આગ : 11 વર્ષના બાળક પર કેસ ચાલશે

કરાચી, તા. 5 (PTI) પાકિસ્તાનના કરાચીમાં જાન્યુઆરી મહિનામાં એક શોપિંગ કોમ્પ્લેક્સમાં લાગેલી આગની ઘટનામાં 72 લોકોનાં મોત થયાં હતાં, તે મામલે પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં આરોપી તરીકે નામ સામે આવ્યા બાદ હવે એક 11 વર્ષના બાળક પર કોર્ટમાં ખટલો ચાલશે.

આ ભીષણ આગ 17 જાન્યુઆરીએ કોમર્શિયલ સદ્દાર વિસ્તારમાં કરાચીના પ્રખ્યાત એમ. એ. જીન્ના રોડ પર આવેલા ગુલ પ્લાઝા શોપિંગ પ્લાઝામાં લાગી હતી, અને ફાયર ફાઈટરો તેમજ બચાવ ટીમોને તેના પર કાબૂ મેળવવામાં એક અઠવાડિયું લાગ્યું હતું. શનિવારે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં તેના પિતા અને અન્ય ચાર લોકોની સાથે આ બાળકને પણ આરોપી બનાવવામાં આવ્યો છે, જેઓ આગ ફાટી નીકળી ત્યારથી જ ફરાર છે.

જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :-
જી. નવસારી, તા. નવસારી, મોજેઃ સીંગોદ ગામની નીચે જણાવેલ ખેતીની જમીન

ગામનું નામ	ખાતા નંબર	જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂ. પૈસા
સીંગોદ	૪૦૩	૭૯/૧	૮૪	૦-૯૦-૨૨	૬.૯૫

ઉપરોક્ત જણાવેલ જુની શરતની ખેતીની જમીન રવિન્દ્રસિંહ ગંભીરસિંહ પરમાર, રહે.:- ૪૬, રાજપુર ફળિયુ, શાહુ, ઉગત, તા. જી. નવસારીનાઓની સ્વતંત્ર માલિકી, કબ્જા ભોગવટાની ચાલી આવેલ છે, અને હમારા અસીલે સદરહું જમીન તેમની પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. અને તેઓએ સદરહું જમીન ટાઈટલ કલીયરન્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી, હમારા અસીલ મજકુરને સદર જમીન વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી આ જાહેર નોટીસ થી લાગતા-વળગતા તમામને જણાવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે, કોઈપણ જાતના કરાર, બાનાખત, સાટાખત વિગેરે તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો કે કબજો કે કોઈ દર-દાવો વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ માં હમોનો નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં નહીં આવે તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દરા-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે. જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૫-૦૭-૨૦૨૬ મારી મારફતે, **શૈલેષ બી. સાવલીયા** (તે ખરીદનારના એડવોકેટ)
૧૩, વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, નવસારી (પૂર્વ), તા. જી. નવસારી. મો.: 9377600081

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ : સુરત, તા.પલસાણા, **મોજે ગામ : ધામડોદના** રે.સ.નં.૪૫, **બ્લોક નં.૨૭,** જેનું ક્ષેત્રફળ હે.૧-૪૩-૬૬ પ્રતિ આરે ચો.મીટર વાળી ખેડ ખાતાની જુની શરતની ખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ પ્રકારનાં હકક સહીતની જમીન **(૧) રંજનબેન તે જેલીબેન કેશવભાઈ પટેલની પુત્રી અને ચંદ્રકાંત પરસોતમભાઈ દેસાઈની પત્ની, (૨) સુમનબેન તે જેલીબેન કેશવભાઈ પટેલની પુત્રી અને અશોકકુમાર ઈશ્વરભાઈ પટેલની પત્ની** નાએ તેઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈનાં પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીનો અંગેના ઉપરોકત જમીન માલીકો સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનોના રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની આર્થીક કે કાનુની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૬/૦૭/૨૦૨૬
ઓફીસ :- ૨૦૨, થી ૨૦૪, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત. મો.નં. ૯૮૨૪૭-૬૩૮૦૨
ચંદ્રેશ જે. ગજેરા
તે ખરીદનારના એડવોકેટ

Public Notice For Purchasing of Lands

This is to hereby informing to all public at large that, Lands bears below stated Block Numbers.

Schedule

Sr No.	Village / Taluka / District	Ledger No.	Block No.	Area H.Are.Sq.Mt.	Assessment Rs. Paisa
1	Khadsupa / Navsari / Navsari	135	0g7	0-00-75	0.75
2			0g8	0-02-43	2.50
3			2	0-09-11	2.87
4			202	0-60-70	5.56
5			245	0-69-81	7.56
6			476	0-05-06	1.50
7			502	0-11-13	4.00
8			664	4-54-26	42.22

Above mentioned land properties are said to be owned by Dipak Raman Dahya & others and they are residing at UK & other countries. And they have entered into agreement for sale with my client. So, anybody can have any kind of right, title, interest in the above lands then write to me with the evidence within 15 days from this notice. If not so then believing no one has have any kind of right, title, interest in properties and they give up or waive their rights and my clients will executed registered deeds in his favour and there after no dispute is tenable raised by anybody and it is treated as null and void.

Dt: 06-07-2026 **AZIM Y. TAI** (ADVOCATE)
36, BAZAR STREET, VESMA, TAL – JALALPORE, DIST – NAVSARI, PIN – 396475 MO.: +91 96249 62981

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા પલસાણાના મોજે ગામ કડોદરાના રે.સર્વે નં. ૧૦૪, ૧૦૫, બ્લોક નં. ૧૧૦ વાળી બિનખેતીની જમીનમાં આવેલ **શ્રી નિવાસ ગ્રીન સીટી વિભાગ-૧** માં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૨૨૧** વાળી મિલકત **જયંતાબેન ચુનીલાલ મહાજનએ** તેના માલિક **સાવલીયા વિઠ્ઠલભાઈ લક્ષ્મણભાઈ(લખમણભાઈ)** પાસેથી તા. ૨૦.૦૫.૨૦૨૬ના રોજના સાટાખતની રૂએ વેચાણ રાખનાર હોવાનું જણાવી તેમજ સદરહુ મિલકતનો સાવલીયા વિઠ્ઠલભાઈ લક્ષ્મણભાઈના નામે થયેલ **દસ્તાવેજ નં. ૨૧૩૪, તા.૧૮.૧૨.૨૦૦૯(જુનો નં. ૨૯૦૭, તા. ૨૫.૦૭.૨૦૦૮)ની અસલ રજીસ્ટ્રેશન રસીદ** ગુમ થયેલ હોવાનું જણાવી હમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે અને તેઓ સદર મિલકત બેંક ઓફ બરોડાને ગીરો આપનાર છે તથા તેના અસલ દસ્તાવેજોનો કબ્જો બેંકને સુપ્રત કરનાર છે. જેથી તે અંગે કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવો, યા વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન-૭** માં હમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર કોઈના કોઈ પણ જાતના હકકો કે વાંધા નથી યા છોડી દીધા છે. તેમ માની ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને બેંકનો સદર મિલકત ઉપર પ્રથમ ચાર્જ ગણાશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસઃ સી/૩૦૬, ત્રીજો માળ, સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે, ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત મો.નં. 9377724939
દિવ્યેશ એચ. ભટ્ટ
એડવોકેટ એન્ડ નોટરી

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

સુલતાનાબાદ શાખા : સુલતાનાબાદ– ડુમસ રોડ, અંબાવાડી, સુલતાનાબાદ, ડુમસ ટાઉન, સુરત, ગુજરાત– ૩૯૪૫૫૦
email : Sultanabad.surat@bankofindia.bank.in

પરિશિષ્ટ–૪ [રૂલ–૮(૧) જુઓ] કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ] ૨૦૦૨(૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૮.૦૪.૨૦૨૬** ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને **દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ૧. શ્રીમતી રીટા રાજીવ ખત્રી ૨. શ્રી વિનોદ શ્યામલાલ પેસવાણી** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂ.૨,૧૪,૭૦૪.૦૦/– (અંકે રૂા. બે લાખ ચૌદ હજાર સાતસો ચાર પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ (૪) રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૨જી જુલાઈ ૨૦૨૬** ના રોજ **સાંકેતિક કબ્જો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત ના રૂા.૨,૧૪,૭૦૪.૦૦/– (અંકે રૂા. બે લાખ ચૌદ હજાર સાતસો ચાર પૈસા પુરા) તા.૧૮.૦૪.૨૦૨૬** ના રોજ અને વ્યાજ અને તેના ઉપરના અન્ય ખર્ચાઓ ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મોંગેજ થયેલ મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સુમન સરીતા' નામની કોલોની ની બિલ્ડીંગ નં. બી નો ફલેટ નં. એલઆઈજી–૭/બી–૭૦૮, બિલ્ટઅપ એરીયા માપ ૪૦.૧૯૬ ચો.મી, કાર્પેટ એરીયા ૩૫.૩૨૬ ચો.મી જે જમીન નો ટી.પી.સ્કીમ નં. ૩ (રૂંધ), એફ.પી નં.૭૩, ગામ.રૂંધ, તા સુરત સીટી, જી.સુરત ખાતે શ્રીમતી રીટા રાજીવ ખત્રીના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફલેટ નં. ૭૦૭, **પશ્ચિમ તરફ** : પ્લોટનું માર્જીન, **ઉત્તર તરફ** : ફલેટ નં.૭૧૩ નો પેસેજ, **દક્ષિણ તરફ** : ફલેટ નં.૭૦૯ આવેલ છે.

તા.૦૨.૦૭.૨૦૨૬ । સ્થળ : બારડોલી,સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા,સુરત

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

સુલતાનાબાદ શાખા : સુલતાનાબાદ– ડુમસ રોડ, અંબાવાડી, સુલતાનાબાદ, ડુમસ ટાઉન, સુરત, ગુજરાત– ૩૯૪૫૫૦
email : Sultanabad.surat@bankofindia.bank.in

પરિશિષ્ટ–૪ [રૂલ–૮(૧) જુઓ] કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ] ૨૦૦૨(૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૧.૨૦૨૬** ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **૧. રાજશંકર કમલાશંકર તિવારી ૨. શ્રીમતી જયોતિશાદેવી રાજશંકર તિવારી** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૧૦,૦૧,૦૭૦.૧૫ (અંકે રૂા. દસ લાખ એક હજાર સીત્તેર અને પંદર પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) (એકટ) રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૩જી જુલાઈ ૨૦૨૬** ના રોજ **સાંકેતિક કબ્જો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત ના રૂા.૧૦,૦૧,૦૭૦.૧૫ (અંકે રૂા. દસ લાખ એક હજાર સીત્તેર અને પંદર પૈસા પુરા) તા.૧૨.૦૧.૨૦૨૬** ના રોજ અને વ્યાજ અને તેના ઉપરના અન્ય ખર્ચાઓ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મોંગેજ કરેલ મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મોતા, બારડોલી માં આવેલ શ્રી વિલા રેસીડન્સી ભાગ–૨, નો પ્લોટ નં. ૧૯૨, પ્લોટ માપ એરીયા ૪૦.૨૬ ચો.મી (કે.જે.પી) અને ૪૦.૧૩ ચો.મી એટલે ૪૮.૦૦ ચો.વાર (સાઈટ મુજબ) રે.સ.નં. ૭૦, બ્લોક નં. ૧૧૯, માપ ૨૮૧૨૬.૦૦ ચો.મી, + રોડ અને સીઓપી ના વણવહેંચાયેલ હિસ્સા માપ ૩૪.૩૮ ચો.મી સહિત, ગામ. મોતા, તા. બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે તેના ઉપર બિલ્ડીંગ, શેડ સાથે શ્રી રાજશંકર કમલાશંકર તિવારી અને શ્રીમતી જયોતિશાદેવી રાજશંકર તિવારી ના નામે ગુજરાત રાજય ના બારડોલીના ન્યાયીકવિસ્તારમાં આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેના ભાગ–૩ નો પ્લોટ નં.૨૦૮, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૧૯૧, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૯૩ આવેલ છે.

તા.૦૩.૦૭.૨૦૨૬ । સ્થળ : બારડોલી,સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા,સુરત

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

સુલતાનાબાદ શાખા : સુલતાનાબાદ– ડુમસ રોડ, અંબાવાડી, સુલતાનાબાદ, ડુમસ ટાઉન, સુરત, ગુજરાત– ૩૯૪૫૫૦
email : Sultanabad.surat@bankofindia.bank.in

પરિશિષ્ટ–૪ [રૂલ–૮(૧) જુઓ] કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ] ૨૦૦૨(૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૧.૨૦૨૬** ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **૧. શ્રી શિવશ્યામ બદ્રિપ્રસાદ મીશ્રા ૨. શ્રીમતી સીમા શિવશ્યામ મીશ્રા** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૮,૬૧,૭૨૫.૨૮/– (અંકે રૂા. આઠ લાખ એકસઠ હજાર સાતસો પચ્ચીસ અને અઠ્ઠાવીસ પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ (૪) રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૩જી જુલાઈ ૨૦૨૬** ના રોજ **સાંકેતિક કબ્જો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત ના રૂા.૮,૬૧,૭૨૫.૨૮/– (અંકે રૂા. આઠ લાખ એકસઠ હજાર સાતસો પચ્ચીસ અને અઠ્ઠાવીસ પૈસા પુરા) તા.૧૨.૦૧.૨૦૨૬** ના રોજ અને વ્યાજ અને તેના ઉપરના અન્ય ખર્ચાઓ ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મોંગેજ કરેલ મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મોતા, બારડોલી માં આવેલ **શ્રી વિલા રેસીડન્સી ભાગ–૨,** નો **પ્લોટ નં. ૧૯૦,** પ્લોટ માપ એરીયા **૪૦.૨૬ ચો.મી (કે.જે.પી) અને ૪૦.૧૩ ચો.મી એટલે ૪૮.૦૦ ચો.વાર** (સાઈટ મુજબ) રે.સ.નં. ૭૦, બ્લોક નં. ૧૧૯, માપ ૨૮૧૨૬.૦૦ ચો.મી + રોડ અને સીઓપી ના વણવહેંચાયેલ હિસ્સા માપ **૩૪.૩૮ ચો.મી,** ગામ. મોતા, તા. બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે તેના ઉપર બિલ્ડીંગ, શેડ સાથે **શ્રી શિવશ્યામ બદ્રિપ્રસાદ મીશ્રા અને શ્રીમતી સીમા શિવશ્યામ મીશ્રા** ના નામે ગુજરાત રાજય ના બારડોલીના ન્યાયીકવિસ્તારમાં આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેના ભાગ–૩ નો પ્લોટ નં.૨૧૦, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૧૮૯, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૯૧ આવેલ છે.

તા.૦૩.૦૭.૨૦૨૬ । સ્થળ : બારડોલી,સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા,સુરત

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

સુલતાનાબાદ શાખા : સુલતાનાબાદ– ડુમસ રોડ, અંબાવાડી, સુલતાનાબાદ, ડુમસ ટાઉન, સુરત, ગુજરાત– ૩૯૪૫૫૦
email : Sultanabad.surat@bankofindia.bank.in

પરિશિષ્ટ–૪ [રૂલ–૮(૧) જુઓ] કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ] ૨૦૦૨(૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૮.૦૪.૨૦૨૬** ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને **દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ૧. શ્રી હરીશભાઈ ભરતભાઈ ચૌધરી (દેવાદાર) ૨. શ્રી વિજય ભરતભાઈ ચૌધરી (સહ દેવાદાર) ૩. શ્રીમતી શશીકલા ભરતભાઈ ચૌધરી (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૫,૭૭,૩૯૮.૯૭/– (અંકે રૂા.પાંચ લાખ સીત્તોતેર હજાર ત્રણસો અઠ્ઠાણું અને સત્તાણું પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ (૪) રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૨જી જુલાઈ ૨૦૨૬** ના રોજ **સાંકેતિક કબ્જો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત ના રૂા.૫,૭૭,૩૯૮.૯૭/– (અંકે રૂા.પાંચ લાખ સીત્તોતેર હજાર ત્રણસો અઠ્ઠાણું અને સત્તાણું પૈસા પુરા) તા.૧૮.૦૪.૨૦૨૬** ના રોજ અને વ્યાજ અને તેના ઉપરના અન્ય ખર્ચાઓ ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મોંગેજ થયેલ મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સીલ્વર પાર્ક' ના નામે જાણીતી સોસાયટી, નો ડી–ટાઈપ પ્લોટ નં. ૨૧૦ (કે.જે.પી બ્લોક/પ્લોટ નં.૯૩/૨૧૦) જાફરાબાદ ખાતે રેવન્યુ સર્વે નં.૮૦/૨, તેનો બ્લોક નં.૯૩ માપ ૧૯૦૨૦.૦૦ ચો.મી મોજે ગામ. જાફરાબાદ, તા. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. પ્લોટ એરિયા માપ ૪૨.૩૮ ચો.મી + માપ ૨૬.૭૯ ચો.મી કોમન રોડ અને સીઓપી, ની જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિત તેના ઉપર આવેલ બિલ્ડીંગ શેડ સાથે શ્રીમતી શશીકલા ભરતભાઈ ચૌધરી, શ્રી હરીશભાઈ ભરતભાઈ ચૌધરી અને શ્રી વિજય ભરતભાઈ ચૌધરી ના નામે ગુજરાત રાજય ના ઓલપાડના ન્યાયીકવિસ્તારમાં, આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૨૦૭, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૨૦૯, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૨૧૧ આવેલ છે.

તા. ૦૨.૦૭.૨૦૨૬ । સ્થળ : ઓલપાડ,સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા, સુરત

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

સામાન્ય પ્રશાશન વિભાગ મંડલ કાર્યાલય, સુરત : ચોથો માળ, તુલસી કૃપા આર્કેડ, પરવટ પાટીયા, સુરત–૩૯૫૦૧૦

પ્રિમાઈસીસ શાખા માટે જોઈએ છે

પંજાબ નેશનલ બેંક ને તૈયાર સારા બાંધકામ વાળી હોલ ટાઈપ બિલ્ડીંગમાં નીચે જણાવેલ જગ્યા ઓફિસ જોઈએ છે.

અનુ નં.	શાખા/ઓફિસ નું નામ	જીલ્લો	જરૂરીયાતનો વિસ્તાર	આશરે કાર્પેટ એરીયા
૧	માંડવી	સુરત	માંડવી	૧૨૦૦ થી ૧૭૦૦ ચો.ફુટ (એટીએમ ની જગ્યા સહિત)

ઓફર કરાયેલ જગ્યા ભોંયતળિયે હોવી જોઈએ અથવા જો ઓફર કરાયેલ જગ્યા પહેલા માળે આવેલી હોય/પહેલા માળે જગ્યાનો સમાવેશ થાય તો ત્યાં લિફ્ટની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ. આ જગ્યા પાસે કાયદાકીય અધિકારીઓ પાસેથી તમામ મંજૂરી પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છીત વિસ્તારમાં આવી જગ્યાના રસ ધરાવતા માલિકો / રજીસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ તેમની સહેલાઈથી ઉપલબ્ધ જગ્યાને લાંબા ગાળાના લીઝ કે તેથી વધુ સમય માટે લીઝ પર આપવા તૈયાર હોય તેમને પ્રાધાન્ય આપવામાં આવશે. તેઓ તેમની ઓફર બેંકની વેબસાઈ : **www.pnbindia.in** પર ઉપલબ્ધ નિયત ફોર્મેટમાં મોકલી શકે છે અથવા તો ઓફીસ સમય દરમ્યાન ઉપરોકત સરનામેથી મેળવી શકે છે. સંપૂર્ણ ઓફર વ્યવસ્થિત રીતે સીલ કરેલ અને નીચે સહી કરનારને **તા.૧૩.૦૭.૨૦૨૬ ના રોજ અથવા તે પહેલા** નીચે જણાવેલ સરનામે પહોંચાડવાની રહેશે.
ચીફ મેનેજર, સામાન્ય પ્રશાસન વિભાગ મંડલ કાર્યાલય, સુરત, ૪થો માળ, તુલસી કૃપા આર્કેડ, પરવટ પાટિયા, સુરત–૩૯૫૦૧૦
બેંક દ્વારા દલાલી આપવામાં આવશે નહી. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ઑફરોને તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવાને અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

તા.૦૬.૦૭.૨૦૨૬ — ચીફ મેનેજર

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : પારડી (૭૯૪૩૦૦) : ઝૈનબ કોમ્પલેક્ષ, ને.હા.નં. ૪૮ નજીક, પારડી, જી.વલસાડ
મો – ૯૯૯૮૨૪૭૦૧૯ email: bo7943@pnb.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૬/૦૪/૨૦૨૬** ના રોજ કલમ ૧૩(૨) ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો શ્રી નસીર હમીદ શેખ , અકા અબ્દુલનસીર સાહુલહમીદ શેખ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૪,૬૨,૨૮૧.૭૩– (અંકે રૂા.ચાર લાખ બાસઠ હજાર બસો એકયાંશી અને ત્તોતેર પૈસા પુરા) તા.૨૩.૦૩.૨૦૨૬** ના રોજના **(તા. ૨૮.૦૨.૨૦૨૬ થી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ ના કરાર દર અને અન્ય કોસ્ટ ખર્ચાઓ વગેરે આ નોટીસ મળ્યાની તારીખના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ (૪) આ ધારાના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૦૨જી જુલાઈ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબ્જો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૪,૩૫,૦૦૧.૫૨/– (અંકે રૂા. ચાર લાખ પાત્રીસ હજાર એક અને બાવન પૈસા પુરા) તા.૩૧.૦૫.૨૦૨૬** ના રોજના અને તેના ઉપર વધારાનું વ્યાજઅને કોસ્ટ, ખર્ચાઓ વગેરે ને આધિન રહેશે.
એનપીએ થયા પછી રીકવરી રૂા. ૪૯૦૦૦/–

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ' માઝ એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતી કોર્મશીયલ બિલ્ડીંગ કમ રહેણાંક ના ભોયતળીયા ની દુકાન નં. ૮ માપ ૨૩૦.૦૦ ચો.ફુટ (૨૧.૩૭ ચો.મીટર) એનએ થયેલ જમીન સી.એસ.નં. ૩૦૯૪, ૩૦૯૫, ૩૦૯૬, ૨૨૪૩ અને ૧૯૫૦ મુ પારડી (પારડી નગરપાલિકાની હદમાં) ચીવાલ રોડ એરીયા, તા. પારડી, જી. વલસાડ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : મોદી સ્ટ્રીટ રોડ માર્ગ, **પશ્ચિમ તરફ** : પેસેજ અને દુકાન નં. ૧૪,**ઉત્તર તરફ** : દુકાન નં. ૦૭, **દક્ષિણ તરફ** : દુકાન નં. ૦૯

તારીખ : ૦૨/૦૭/૨૦૨૬ । સ્થળ : પારડી — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : પારડી (૭૯૪૩૦૦) : ઝૈનબ કોમ્પલેક્ષ, ને.હા.નં. ૪૮ નજીક, પારડી, જી.વલસાડ.
મો – ૯૯૯૮૨૪૭૦૧૯ email: bo7943@pnb.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારા૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૬/૦૪/૨૦૨૬** ના રોજ કલમ ૧૩(૨) ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો શ્રીમતી મમતા સંજય કુમાર ગુપ્તા, અને સંજય કુમાર રામપલટ ગુપ્તા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩૩,૦૩,૨૧૦.૫૯– (અંકે રૂા.તેત્રીસ લાખ ત્રણ હજાર બસો દસ અને ઓગણસાઠ પૈસા પુરા) તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજના **(તા. ૩૦.૦૩.૨૦૨૬ થી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ ના કરાર દર અને અન્ય કોસ્ટ ખર્ચાઓ વગેરે આ નોટીસ મળ્યાની તારીખના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ (૪) આ ધારાના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૦૨જી જુલાઈ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબ્જો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૩૩,૩૩,૭૯૧.૪૨/– (અંકે રૂા. તેત્રીસ લાખ તેત્રીસ હજાર સાતસો એકાણું અને બેતાલીસ પૈસા પુરા) તા.૩૦.૦૫.૨૦૨૬** ના રોજના અને તેના ઉપર વધારાનું વ્યાજઅને કોસ્ટ, ખર્ચાઓ વગેરે ને આધિન રહેશે.
એનપીએ થયા પછી રીકવરી રૂા.શુન્ય

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શેફાયર એપાર્ટમેન્ટ' સત્યમ કો.ઓ. હાઉસીંગ સોસાયટી તરીકે ઓળખાતી બિલ્ડીંગ ના ૧લા માળ ની બી વિંગ નો ફલેટ નં.બી–૧૦૨ માપ ૧૪૦૦ ચો.ફુટ અથવા ૧૩૦.૧૧ ચો.મી જમીન ના હાઉસીંગ પ્લોટ નં. ૪૦૧ માપ ૩૮૨૯.૦૦ ચો.મી, બાંધકામ નો રેવન્યુ સર્વે નં. ૧૧૫/પી, ૧૧૬/પી, ૧૧૮/પી વાપી નોટીફાઈટ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, જીઆઈડીસી, છરવાડા ગામની હદમાં વાપી, તા.પારડી, જી. વલસાડ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફલેટ નં. બી–૧૦૪ **પશ્ચિમ તરફ** : ફલેટ નં.૩૦૨ **ઉત્તર તરફ** : દાદર અને પેસેજ **દક્ષિણ તરફ** : ખુલ્લી જગ્યા અને શેફાયર બિલ્ડીંગ એ,

તારીખ : ૦૨/૦૭/૨૦૨૬ । સ્થળ : વાપી — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : સેલવાસા : સીટી સેન્ટર, જામા મસ્જીદ નજીક, સેલવાસા –૩૯૬૨૩૦
ઈમેઈલ : bo7169@pnb.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭/૦૪/૨૦૨૬** ના રોજ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર શ્રી અમોદકુમાર સીંગ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૧,૭૮,૮૪૯.૧૦ (અંકે રૂા. અગીયાર લાખ ઈઠોતેર હજાર આઠસો ઓગણપચાસ અને દસ પૈસા પુરા) તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજના કરાર આધારિત દરે વધારાનાં વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમો અંતર્ગત આ ધારા ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તા.૦૨.૦૭.૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૧૧,૯૭,૦૮૬.૧૦ (અંકે રૂા.અગીયાર લાખ સતાણું હજાર છયાસી અને દસ પૈસા પુરા) તા.૩૧.૦૫.૨૦૨૬** ના રોજના કરાર આધારિત દરે વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.
એનપીએ થયા પછી રીકવરી રૂા.શુન્ય

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'જલારામ કોમ્પલેક્ષ' નરોલી, દાદરા અને નગર હવેલી–૩૯૬૨૩૦ ના એ–૫ બિલ્ડીંગ ના ૧લો માળનો ફલેટ નં. ૧૦૪, આ બિલ્ડીંગની જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, પાર્કીંગ એરીયા, દાદર, પેસેજ, ડ્રેનેજ, ઓવરહેડ પાણીની ટાંકી, ટેરેસ વગેરે સાથે હાઉસીંગ કોમ્પલેક્ષના વણવહેંચાયેલ કોમન રોડ અને સીઓપીના હિસ્સા સહિત **શ્રી અમોદકુમાર સિંગ**ના નામે આવેલ છે

તારીખ : ૦૨.૦૭.૨૦૨૬ । સ્થળ : સેલવાસા — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક.